જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૯/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૫/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી ૨૭૨ લીટર દેશી દારૂ, ૭૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૫૬ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૬/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ કરી બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૩૭/૧૪

**વટવાઃ** વટવા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીએ તા.૩૧/૮/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૬/૧૪ થી તા.૨૮/૮/૧૪ દરમ્યાન વટવા વિસ્તારમાંથી તરૂણીને માયાબહેન મલખાનસિંહ રાજપુત ઘર નજીકથી યુ.પી., જી.ઇટાવા, તા.ઓરૈયા, ગામ: પનાર ખાતે લઇ જઇ આરોપી (૧) પિન્ટુ બીરમાજી રાજપુત સાથે બળજબરીથી લગ્ન કરાવતાં પિન્ટુએ તરૂણી સાથે અવાર-નવાર મરજી વિરૃધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. તેમજ લગ્નનાં પાંચ દિવસ બાદ તરૂણી સાથે તેની મરજી વિરૃધ્ધ લાલુ બિરમાજી રાજપુત અને તેની સાથેનાં અન્ય ત્રણ ઇસમોએ બળજબરીથી શરીર સબંધ બાંધી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જે.ચૌધરી ચલાવે છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૨૩૮/૧૪

**અમરાઇવાડી :** મનીષાબહેન ગણેશભાઇ ગોસ્વામી (રહે.નરોત્તમનગરની નવી ચાલી, નાગરવેલ હનુમાન પાસે, અમરાઇવાડી) એ તા.૩૧/૮/૧૪ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૮/૧૪ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર સુભમ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૨૨૩૯/૧૪

**ચાંદખેડાઃ** દામોદર ભગવાનદાસ રાધાણી (રહે.પરમેશ્વર બંગલોઝ સત્યમેવ હોસ્પીટલની પાછળ ચાંદખેડા) ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૮/૧૪ કલાક ૫/૦૦ થી તા.૧/૯/૨૦૧૪ કલાક ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પહેલા માળની બારીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૭,૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૨૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી.એફ કે જોગલ ચલાવે છે.

**મણીનગર :** અલ્કેશભાઇ અમૃતલાલ શાહ (રહે.સિધ્ધી વિનાયક પાર્ક, દક્ષીણી મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૮/૧૪ કલાક ૩/૪૫ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે પી ગોસાઈ ચલાવે છે.

<u>ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૨૨૪૦/૧૪</u>

**મણીનગર :** પુષ્પાબહેન પ્રવિણભાઇ ભીટોરા (રહે.શ્રીનાથ રેસીડેન્સી, આકૃતી ટાઉનશીપ સામે, નારોલ) તા.૩૧/૮/૧૪ બપોરનાં ૧૨/૪૫ વાગ્યાના સુમારે ગોરધનવાડી ટેકરા શક્તિ ફ્લોર ફેક્ટરી નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે કાળા રંગના સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર ૫૮૫ (સીરીઝ જાણવા મળેલ નથી) ઉપર આવેલ બે પુરૂષ પુષ્પાબહેનને અડફેટે લઇ તેમની નજર ચુકવી ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ પુષ્પાબહેન ભીટોરાએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**નરોડા :** કનુભાઇ જુગાભાઇ પટેલ (રહે.મહાદેવ ફળીચોળી પાસે, સૈજપુર ગામ, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૮/૧૪ બપોરનાં ૩/30 થી ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર પાછળ આવેલ દુકાનમાં બે અજાણ્યા ઇસમો બાલાજીનાં પેકેટની ખરીદી કરવા આવ્યા તે દરમ્યાન કનુભાઇની નજર ચુકવી દુકાનનાં ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩૮,૦૦૦/- ચોરી કરી બંને ઇસમો પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ પોલીસ ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૪૧/૧૪</u>

**એલીસબ્રીજ :** અમિતભાઇ બાબુભાઇ ઠાકોર (રહે, મોટો ઠાકોરવાસ, કોચરબ ગામ પાલડી) એ તા.૨૧/૮/૧૪ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે કોચરબગામ જોગણીમાતાનાં મંદિર આગળ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.ડી.ટી. ૭૨૪૩ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ અમિતભાઇ ઠાકોરેએ તા.૩૧/૮/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન તે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.